# CIMS News
# Care & Cure

Volume-9 | Issue-95 | June 25, 2018

Price : ₹ 5/-

CIMS Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

અંદરના પાને...


- ઈલેક્ટ્રો-ફિઝિયોલોજી (ઈપી) વિશે જાણકારી
- નિ:સંતાન પણાની સમસ્યા
- કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ (CABG)





CIMS News
Care & Cure
Volume-9 | Issue-95 | June 25, 2018

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# ઈલેક્ટ્રો-ફિઝિયોલોજી (ઈપી) વિશે જાણકારી

**માનવ હૃદય**



## ઈપી અભ્યાસ એટલે શું ?

ઉચ્ચતર તાલીમબધ્ધ હૃદય વિશેષજ્ઞો કે જેમને ઈલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ કહેવાય છે, તેમના દ્વારા ઉપયોગમાં લેવાતી વિશેષ અભ્યાસની પધ્ધતિ એટલે ઈલેક્ટ્રો-ફિઝિયોલોજી(ઈપી).આ પધ્ધતિમાં,એક કે વધુ પાતળા, મરડી શકાય તેવાં તાર કે જેને કેથેટર્સ કહેવામાં આવે છે, તે રક્ત વાહિનીઓમાં દાખલ કરાય છે. ( મોટે ભાગે ગ્રોઇનમાં ) અને હૃદય તરફ વાળવામાં આવે છે. દરેક કેથેટરમાં એક કે વધુ ઈલેક્ટ્રોડ્સ હોય છે કે જેનાં દ્વારા હૃદય નાં વિદ્યુત-સંચાલિત સંકેતો જ્યારે એક ચેમ્બરથી બીજા ચેમ્બર તરફ વહેતાં હોય ત્યારે તેમને માપી શકાય.

ઈપીનો અભ્યાસ હૃદયની અનિયમિતતાનું કારણ અને ઉદ્દ્ગમ સ્થાન જાણવા અને જે સ્થાન પર સારવાર શક્ય હોય તે જાણવા કરાય છે. આ પરીક્ષણ દ્વારા બે જુદી રિપોર્ટ બનાવી શકાય.

- ઈલેક્ટ્રોગ્રામ, કે જે ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ(ઈસીજી)સમાન હૃદયનો આંતરિક હોય છે. તે અસામાન્ય સંકેતો દર્શાવે છે કે જે ક્યાંથી શરૂ થઈ અને કઈ રીતે હૃદયમાં ભ્રમણ કરે છે.
- હૃદયની વિદ્યુત-સંચાલિત પ્રવૃતિનો નકશો.

## ઈપી અભ્યાસ માટેની તૈયારી

- આપનાં તબીબ આપને નિયત સમય અગાઉથી આપની કોઈ દવા બંધ કરવા કહેશે. આપનાં તબીબની સલાહ વગર કોઈપણ દવા બદલવાનો પ્રયત્ન કરશો નહી.
- આપે સંમતિની જાણ કરતાં ફોર્મમાં શક્ય જોખમ અને સમસ્યાઓ અંગેની વિગત પૂરી પાડતાં સહી કરવી.
- સામાન્ય રીતે, આપના તબીબ આપને પરીક્ષણ પહેલાં ૬ ૮ કલાક સુધી ખાવા-પીવા માટે ના કહેશે.
- જે વિસ્તારમાં કેથેટર દાખલ કરવું હોય તેને સાફ કરી તેનાં પર જો વાળ હોય તો અસ્ત્રા દ્વારા દૂર કરવામાં આવશે. મોટેભાગે, તે ગ્રોઇનમાં હોય છે, પરંતુ ગળાનાં ભાગે પણ હોઈ શકે. આપને તે ભાગમાં લોકલ એનેસ્થેસિયા આપવામાં આવે છે.
- આપને મંદ સેડેટિવ આપવામાં આવશે.
- ઈપી અભ્યાસની માંગ છે કે આપનું પેટ ખાલી હોવુ જોઈએ ફક્ત જો આપને કહેવામાં આવ્યું હોય તો જ કશુંલેવું.
- જો આપને કોઈ દવા વિશેષની આડ અસર થતી હોય તો તેની પણ આપના તબીબને જાણ કરવી મહત્વપૂર્ણ છે.

## ઈપી અભ્યાસ દરમ્યાન

આ પધ્ધતિમાં આપને મદદરૂપ થવા અને આપની સલામતીની ખાત્રી માટે લોકોની એક ટૂકડી કામ કરશે. ઈલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ (અથવા ઈપી, કે જે એક ફિઝિશિયન છે) ઉપરાંત, ખાસ તાલીમબધ્ધ આરોગ્યની સંભાળ લેનાર ટેકનોશીયન્સ અને ઈપીને મદદ કરવા તથા આપની સ્થિતિનું ધ્યાન રાખવા પરિચારિકાઓ પણ રહેશે.

આપે વાઢકાપનાં ટેબલ પર સપાટ સૂઈ જવાનું રહેશે. આપની ઉપર વાઢકાપ વખતના કપડાં હશે, સિવાય કે જ્યાંથી કેથેટર દાખલ કરવાનો હોય તે જગ્યાએ આપની આવશ્યકતાને અનુસાર દવા આપવા માટે હાથમાં આઈવી મૂકવામાં આવશે.જ્યાં કેથેટર દાખલ કરવાનો હોય તે સ્થાને આપને લોકલ એનેસ્થેટિક આપવામાં આવશે.થોડું લોહી વહી શકે છે, પરંતુ તેનું નિયમન કરી શકાશે અને આપને કોઈ ભય રહેશે નહી.

આપ જાગૃત હશો, પરંતુ આપે તમામ પધ્ધતિ દરમ્યાન સ્થિર રહેવું જ પડશે. કેટલાક દર્દીઓ સૂઈ જાય છે જ્યારે બાકીના કેટલાક પડદા પર જોઈને પ્રશ્નો કરે છે.

આ પધ્ધતિમાં કેથેટર દાખલ કરવાનો સમાવેશ થાય છે- કે જે એક સાંકળી, મરડી શકાય તેવી ટ્યૂબ હોય છે- જેને ઈલેક્ટ્રીસિટી મોનિટરીંગ ઈલેક્ટ્રોડ્સ સાથે રક્તવાહિનીમાં જોડવામાં આવે છે. મોટેભાગે ગ્રોઈન અથવા ગળાના સ્થાને, અને હૃદય સુધી કેથેટર વાયરને ફેરવવામાં આવે છે. દાખલ કરવાના સ્થાનેથી હૃદયના સ્નાયુ સુધી પહોંચવાની યાત્રાનું ફ્લ્યુરોસ્કોપ, એક એકસ-રે મશીન, જે કેથેટરની જગ્યા, તેનું હલનચલન અને હૃદયના સ્નાયુના જીવંત અને સમયાનુસાર દૃશ્યો ઉપસાવે છે. કેથેટરની ટોચ પર આવેલ ઈલેક્ટ્રોડ્સ તમામ ડેટા અને વિવિધ વિદ્યુતીય આંકન કરે છે, આ ડેટા દ્વારા પામીગ્રસ્ત વિદ્યુતીય સ્થાનની માહિતી મળી રહે છે. આ ઈલેક્ટ્રિકલ નકશો મેળવતા ઈલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ તેને પેસીંગ દ્વારા એવાં ઉરિધ્ધગીચ્છૂ કે જે અનિયમિતતાના કારણ હોય તેને ઉત્તેજિત કરવાનો પ્રયત્ન કરશે.

ભાગ્યેજ દર્દી દુઃખાવાની ફરીયાદ કરે છે, ગમે તેમ પણ આપને આપની છાતીમાં અપ્રિય સંવેદનાઓનો અનુભવ થશે.

ઈપી અભ્યાસને સામાન્યપણે ૧-૨ કલાકનો સમય લાગે છે. જો અન્ય પધ્ધતિનો પ્રયોગ તાત્કાલીક કરવામાં આવે, તો આપનો સમય ઈપી પ્રયોગશાળામાં વધી જશે, જે અમુક સંજોગોમાં ૬ કલાક સુધી પણ થઈ શકે.

## ઈપી અધ્યયનોનાં સંભવિતપણે કયાં જોખમો છે ?

ઈપી અધ્યયન એક ઓછા જોખમની પ્રક્રિયા છે, જે અનેક વર્ષોથી હાર્ટ સેન્ટરોમાં કરવામાં આવી રહી છે. એ જે માહિતી પુરી પાડે તે આપની જીંદગી માટે અગત્યની હોઇ શકે છે. ઈપી પરીક્ષણ કરાવાનુ જોખમ કાર્ડિયાક કેથેટરાઈઝેશન કરાવવા જેવું જ હોય છે.આ પ્રક્રિયાઓ તુલનાત્મકરીતે સુરક્ષિત હોય છે, પરંતુ એ હૃદયને લગતી ઈન્વેસિવ(આક્રમક) પ્રક્રિયાઓ હોવાથી અનેક જટિલતાઓ સંભવી શકે છે.જો એ પ્રક્રિયામાંથી મળનારી માહિતી તમારે માટે લાભદાયક ઠરવાની વાજબી શક્યતા ન હોય તો, તમારે ઈપી પરીક્ષણ ન કરાવવું જોઈએ.

કેથેટર દાખલ કરવાના સ્થાને સહેજ રક્તસ્રાવ, હૃદયનાં સ્નાયુઓને કેથેટર દાખલ કરવાને લઈને બળતરા થાય તો હૃદયના ધબકારાની લયમાં હંગામી રીતે વિક્ષેપ આવી શકે છે અને બ્લડપ્રેશરમાં ફેરફાર થઈ શકે છે.

વધુ પડતી મહત્વપૂર્ણ જટિલતાઓમાં હૃદયની દિવાલમાં છિદ્ર(જેને કારણે "કાર્ડિયાક ટેમ્પોનેડ")નામની જીવન જોખમાવતી સ્થિતી ઉત્પન થઈ શકે છે)અતિશય રક્તસ્રાવ, અથવા (સંભવિત જીવલેણ એરિથમાયાસ દાખલ કરવામાં આવ્યા હોવાને કારણે) કાર્ડિયાક એરેસ્ટ સંભવી શકે છે. ઈપી અધ્યયનને કારણે થનારા મરણનું જોખમ ૧૦૦ માંથી ૧ જેટલું છે.

**સૌજન્ય**

**ડો. અજય નાઈક**

કાર્ડિયાક ઈલેક્ટ્રોફીઝીયોલોજીસ્ટ

MD, DM, DNB, FACC, FHRS

(મો) +98250 82666

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-9 | Issue-95 | June 25, 2018

# નિ:સંતાન પણાની સમસ્યા

પૃથ્વી પર સજીવ વિવિધ કાર્યો કરે છે. આમાનું એક કાર્ય એટલે પોતાનો વંશવેલો ટકાવી રાખવા સંતાન પેદા કરવું કે પ્રજોત્પતિ,પરંતું દરેક મિલનનું અંતિમ પરિણામ સંતાન ઉત્પત્તિ નથી. વિશ્વભરમાં આશરે ૧૦ થી ૧૫ ટકા યુગલો કોઈ ને કોઈ કારણે સંતાન પ્રાપ્તિ કરી શકતા નથી. આપણી ભાષામાં આવા યુગલને નિ:સંતાન યુગલ ( Infertile Couple ) તરીકે ઓળખીએ છીએ.

વૈજ્ઞાનિક રીતે કહીએ તો પરિવાર નિયોજનના કોઈપણ સાધન કે પધ્ધતિ અપનાવ્યા વગર જો કોઈ યુગલના સતત ૧ વર્ષના સહવાસ પછી પણ સ્ત્રી ગર્ભવતી ન થઈ શકે તો આવા યુગલને નિ:સતાન દંપતિ કે  કે ( Infertile Couple ) કહી શકાય.

વંધ્યત્વામાંથી -વાંઝીયાપણામાંથી મુકિત મેળવવાનો ભગીરથ પ્રયાસ એટલે જાણે કે કોઈ વિકટ ગૂંચવણભરેલી જટિલ જાળમાંથી પોતાની જાતને મુકત કરવાનો દારૂણ અનુભવ.તમને એવો અનુભવ થાય કે તમે સાવ એકલા પડી ગયા છો અને તમને રસ્તો  બતાવવાવાળુ કોઈ નથી. વંધ્યત્વની સમસ્યા પુરૂષ અને સ્ત્રી બંન્ને ઉપર સમાન અસર કરે છે. એ ભય, બેચેની, ગુસ્સો, અપરાધ, દુ:ખ અને અંતે આશાને જન્મ આપે છે.

આ એક એવી સમસ્યા છે જે તમારી ભાવનાઓની દૂનિયાના ઉંડાણ સુધી પહોચી જાય છે.અને તમારા અંગત સબંધો પર આક્રમણ કરે છે. વંધ્યત્વ એ અતિ મુશ્કેલ પરિસ્થિતી છે, પણ સાથે વંધ્યત્વ લાચારીની લાગણીને જન્મ આપી શકે છે. કારણ કે તમે જ્યારે ઈચ્છો છો ત્યારે સંતાન પ્રાપ્ત કરી શકતા નથી, માટે આવી પરિસ્થિતી ઉપર કાબૂ મેળવવાનો  એક જ માર્ગ છે અને તે એ કે સંપૂર્ણ જાણકારી સાથે વંધ્યત્વ ની સમસ્યાનો ઉકેલ લાવવા માટે સક્રિયપણે જાતે ભાગ લેવો.

**તમારૂ પોતાનું સંપૂર્ણતઃ જાણકાર હોવાનું મહત્વનું છે. દુર્ભાગ્યવશ જાણકારી ન હોવાને કારણે ઘણા ખરાં વંધ્ય દંપતિને કરૂણ દુખઃદાયી અનુભવો ભોગવવા પડે છે. દાખલા તરીકે:**

(૧) તેઓની કોઈ એવી સમસ્યા હોઈ શકે કે જેની ફલદાયી અસરકારક સારવાર હોય તો પણ તેઓ એ સારવાર મેળવી ન શકયા હોય.

(૨) તેઓએ યોગ્ય- સાચી ચિકિત્સા ન કરાવડાવી હોય.

(૩) તેમના ડોકટર ભલે ખૂબ જ નિષ્ણાત  હોય તો પણ નિદાન કરતી વેળાએ, તેમને માટે નાની મોટી અનેક વિગતો યોગ્ય રીતે એકત્રિત ન કરી શકયા હોય.

(૪) દરેક વ્યકિતની સહનશકિતની એક ચોકકસ મર્યાદા હોય છે. જે આર્થિક, શારીરીક અથવા લાગણીઓ અંગેની હોઈ શકે, કેટલીક વાર એવું બને છે કે તેઓ યોગ્ય સારવાર મેળવતાં પહેલાં જ સહનશકિતની આ મર્યાદા વટાવી ચૂકયાં હોય.

**મુખ્ય મહત્વની બાબત એ છે કે મુદ્દાસર ની માહિતી હોવાથી સગર્ભા બનવાની પરિસ્થિતીમાં ઘણો ફરક પડે છે. જો તમે તમારો સમય પરિશ્રમ અને ધનનો વ્યવસ્થિત સારી રીતે ઉપયોગ કર્યો હોય તો આવી માહિતી તમને નિર્ણય લેવામાં સહાયભૂત થાય છે. માહિતી સાથે જીવન પર કાબૂ ટકી રહે અને તમારાથી જેટલું થઈ શકે એમ હતું એટલું તમે કર્યું છે, એ વાત સમજવામાં પણ મદદરૂપ થશે. જ્ઞાન, તમારી શકિત છે.**

**<u>ડોકટરની પસંદગી કઈ રીતે કરવી ?</u>**

અગાઉ પ્રસ્તુત કરેલા કારણોસર એ બહું જ જરૂરી છે, કે તને યોગ્ય ડોકટરની પસંદગી કઈ રીતે કરશો. જેથી તમારૂ માર્ગદર્શન યોગ્ય દિશામાં થાય. સૌ પ્રથમ એ જાણવું જોઈએ કે આ દિશામાં ડોકટરે કેટલી સફળતા મેળવેલી છે. સારવાર માટેની યોગ્ય સુવિધાઓ જેમ કે દૂરબીન ના ઓપરેશન માટેની સુવિધાઓ જેમ કે ઓપરેશન થિયેટર,આઈ.વી.એફ લેબોરેટરી, સાધનો, વિગેરે.

આખરે, તમારી સારવાર  બાબતે આપેલી સ્પષ્ટીકરણ થી શું તમે સંતુષ્ઠ છો કારણ ફર્ટીલીટી મેનેજમેન્ટમાં ઘણા એવા નિર્ણયો દંપતિએ લેવાના હોય છે અને એ ત્યારે જ બરાબર થઈ શકે જયારે એમને એનની તકલીફની સંપૂર્ણ માહિતી હોય.

**નિ:સંતાનપણાના મુખ્ય કારણો**

- સ્ત્રીમાં ના કારણો ૩૫%
- પુરૂષમ ના કારણો ૩૫%
- બંન્નેમાંના કારણો ૨૦%
- કોઈ અજાણ્યું કારણ ૧૦%

**સ્ત્રીમાં જોવા મળતાં કારણો:-**

- ગર્ભાશય અને ગર્ભાશય ના મુખને લગતી તકલીફ
- બીજ નલિકાને લગતી તકલીફ
- અંડાશય ને લગતી તકલીફ
- વધી ગયેલી ઉંમર
- પેટની અંદરનો સોજો

**પુરૂષમાં જોવા મળતાં કારણો:-**

- અંત:સ્ત્રાવી ગ્રંથીઓની ખામી
- ગોળીની ખામી
- જનીનીક ખામી
- શુક્ર નલિકાઓની ખામી
- અન્ય કારણો - દવાઓની અસર રેડીએશન ચેપ, વેરીકોસીન વેન

**કેટલાંક કારણો કે જે પુરૂષઅને સ્ત્રીને સમાનરૂપથી લાગુ પડે છે:-**

- કામક જી વ્યવસાયિક તણાવ રેડીયેશન
- દવાઓ અને ઝેરી ધાતુ કે રસાયણોની આડ અસર
- સિગરેટ અને અન્ય રીતે તમાકુંનું સેવન
- ડ્રગ્સનું સેવન
- દારૂ, આલ્કોહોલનું સેવન
- જાડીયાપણું

આ બધી જ બાબતોને ધ્યાનમાં રાખીને સિમ્સ હોસ્પિટલ તમારા સ્વપ્નને સાકાર કરવા માટે સંપૂર્ણ સારવાર એક જ છત્ર નીચે રજૂ કરે છે. બાળક રહેવા માટેની દુનિયાભરમા ઉપલબ્ધ તમામ આધુનિક સુવિધાઓ જેમ કે સોનોગ્રાફી, કલર ડોપ્લર, એન્ડોસ્કોપી, આઈ.યુ.વી, આઈ.વી.એફ( ટેસ્ટ ટયુબ બેબી ) ICSI, TESA, MESA, PESA, વગેરે  આ સેન્ટર દ્વારા ઉપલબ્ધ  કરેલ છે. અમારા આઈ.વી.એફ ના ડોકટરોની ટીમ એ ખૂબ જ સારા પરિણામ આપેલ છે. હજારો બાળકો, વ્યંધ્ય દંપતિઓને મેળવવા નિમિતરૂપ થયેલી છે આ ટીમ, આખરે આપવાવાળો તો ઉપરવાળો જ છે. વધારે તકલીફવાળા દંપતિ માટે ઓવમડોનેશન, સ્પર્મ બેન્કીંગ તથા સેરોગેટ મધર જેવી આધુનિક ટેકનોલોજી પણ ઉપલબ્ધ છે. આમ સીમ્સ આઈ.વી.એફ. તમને સંપૂર્ણ સ્વસ્થ કુંટુંબ અને માતાની ખાતરી આપે છે. અંતે તમારી સંતાન પ્રાપ્તિની શોધ સફળ થાઓ એવી શુભેચ્છા.

સૌજન્ય

**ડૉ. તુષાર શાહ**
MD (Obst. & Gynaec), DGO,
આઈવીએફ સ્પેશ્યાલીસ્ટ
**મો. +91 98250 07667**

**ડૉ. મેહુલ દામાણી**
MD (Obst. & Gynaec)
આઈવીએફ સ્પેશ્યાલીસ્ટ
**મો. +91 98250 50020**

**ડૉ. ધર્મેશ કાપડીયા**
Master of
Clinical Embryology, MBBS
કલીનીકલ એમ્બ્રીઓલોજીસ્ટ
**મો. +91 98790 30295**

CIMS News
Care & Cure
Volume-9 | Issue-95 | June 25, 2018

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ (CABG)

## કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ (CABG)

કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ (CABG) એક પ્રકારની સર્જરી (ઓપરેશન કે શસ્ત્રક્રિયા) છે જે હૃદયને મળતા રક્તના પ્રવાહમાં સુધારો કરે છે. જે લોકો ગંભીર કોરોનરી હાર્ટ ડિસીઝ(CHD), જેને કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD) પણ કહેવાય છે, એટલે કે હૃદય રોગ ધરાવતા હોય છે, તેઓ માટે આ સારવારનો ઉપયોગ કરવામાં આવે છે.

(CHD) એક એવી પરિસ્થિતિ છે જેમાં એક ખાસ પ્રકારનો પદાર્થ, જેને પ્લાક કહેવાય છે, તે તમારી કોરોનરી આર્ટરીઝ (હૃદયની રક્ત પહોંચાડતી ધમનીઓ)ની અંદર જામવા લાગે છે. આ ધમનીઓ તમારા હૃદયને ઓક્સિજન થી ભરપૂર લોહી પહોચાડે છે. આ પ્લાક ચરબી, કોલેસ્ટ્રોલ, કેલ્શિયમ અને લોહી માં રહેલા / મળતા અન્ય પદાર્થોનું બનેલો હોય છે.

પ્લાક કોરોનરી ધમનીઓને સાંકડી અથવા બ્લૉક (પૂરી કે આંશિક રીતે અવરોધિત) કરી શકે છે અને હૃદયના સ્નાયુને મળતા રક્તના પ્રવાહને ઘટાડી શકે છે. જો આ અવરોધ ગંભીર હોય, તો એંજાઈના (છાતીમાં દુખાવો થવો), શ્વાસ લેવા માં તકલીફ (હાંફ ચડવી), અને કેટલાક કિસ્સાઓમાં, હાર્ટ એટેક (હૃદયરોગ નો હુમલો) આવી શકે છે.

CABG એ CHD માટે એક પ્રકારનો ઉપચાર છે. CABG ની પ્રક્રિયા દરમિયાન, શરીરમાંથી એક તંદુરસ્ત ધમની અથવા નસ લઈને, તેને અવરોધિત થઇ ગયેલ કોરોનરી ધામની સાથે, જોડવામાં અથવા ગ્રાફ્ટ કરવામાં આવે છે. આ નવી ગ્રાફ્ટેડ (જોડેલ) આર્ટરી અથવા નસ, કોરોનરી ધમનીના અવરોધિત ભાગને બાયપાસ કરે છે( એટલે કે, તેના ફરતી જાય છે) આ એક નવો પેસેજ, એટલે કે નવો રસ્તો બનાવે છે, અને ઓક્સિજન સમૃદ્ધ લોહી આ નવા રસ્તા વડે ધમનીના અવરોધિત ભાગને બાયપાસ કરીને હૃદયના સ્નાયુ સુધી પહોંચે છે.

ભારતમાં, CABG એક સૌથી સામાન્ય પ્રકારની ઓપન હાર્ટ સર્જરી છે. કાર્ડિઓથોરાસિક સર્જન કહેવ તા ડૉક્ટરો આ સર્જરી કરે છે.

## જો તમારે CABG કરવાની હોય, તો આ સર્જરી માટેના ધ્યેયોમાં શામેલ છે

- તમારા જીવની ગુણવત્તામાં સુધાર કરવો અને એંજાઈના (છાતીમાં દુખાવો થવો) અને CHD ના અન્ય લક્ષણોને ઓછા કરવા.
- તમને વધુ સક્રિય જીવનશૈલી ફરી શરૂ કરવામાં મદદ કરવી.
- જો હાર્ટ એટેક, એટલે કે હૃદયરોગના હુમલા દ્વારા તમારા હૃદયને નુકશાન થયું હોય તો તેની પમ્પીંગ પ્રક્રિયામાં સુધાર કરવો.
- હાર્ટ એટેક, એટલે કે હૃદયરોગના હુમલાનું જોખમ ઘટાડવું (અમુક દર્દીઓમાં, જેમ કે જેઓને ડાયાબિટીસ હોય)
- તમારી જીવન ટકાવી રાખવાની અને આયુષ્ય વધારવાની તકમાં સુધાર કરવો.

## ટ્રેડિશનલ (પરંપરાગત) કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ

સર્જરી દરમ્યાન, છાતીના હાડકાં (પાંસળી)ને કાપીને ખોલવામાં આવે છે, જેથી હૃદય સુધી પહોંચી શકાય. હૃદયને ધબકતું રોકવા માટે એટલે કે બંધ કરવા માટે દવાઓ આપવામાં આવે છે અને સર્જરી દરમ્યાન આખા શરીરમાં લોહી અને ઓક્સિજનનું પરિભ્રમણ ચાલુ રહે તે માટે હૃદય અને ફેફસાં સાથે હાર્ટ-લંગ બાયપાસ મશીન જોડવામાં આવે છે. આથી સર્જન સ્થિર હૃદય ઉપર કામ કરી શકે છે.

સર્જરી પછી, હૃદય ને મળતા લોહી ના પ્રવાહને પુનઃસ્થાપિત કરવામાં આવે છે. સામાન્ય રીતે, હૃદય પોતાની મેળે જ ફરી થી ધબકવા લાગે છે.

## ઑફ-પમ્પ કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ

આ પ્રકારની CABG ટ્રેડિશનલ (પરંપરાગત) CABG ની સમાન છે કારણ કે આ પ્રક્રિયામાં પણ, હૃદય સુધી પહોંચવા માટે, છાતીના હાડકાં (પાંસળી)ને ખોલવામાં આવે છે. જો કે હૃદયને ધબકતું રોકવામાં, એટલે કે બંધ કરવામાં નથી આવતું, અને હાર્ટ-લંગ બાયપાસ મશીનનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઑફ-પમ્પ CABG ને કોઈ વખતે બીટિંગ હાર્ટ બાયપાસ ગ્રાફ્ટિંગ કહેવાય છે.

## મિનિમલી ઈન્વેસિવ ડાઇરેક્ટ કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ

આ સર્જરી ઑફ-પમ્પ CABG ની સમાન છે. જો કે, છાતીના હાડકાં (પાંસળી) ને ખોલવા માટે છાતીમાં મોટો ચીરો મૂકવાને બદલે આ પ્રક્રિયામાં, છાતીની ડાબી બાજુમાં, પાંસળીઓની વચ્ચે કેટલાક નાના નાના ચીરાઓ મૂકવામાં આવે છે. રોબોટ-એસીસ્ટેડ ટેકનિક. આ પ્રકારની પ્રક્રિયા હજી નાના, કિહોલના માપના (તાળામાં રહેલ ચાવી ના કાણાં જેટલા નાના ચીરાઓ (કાપાઓ) વડે પણ થી શકે છે. હૃદયને જોવા માટે એક કાણાં માંથી એક નાનો વિડીયો કેમેરો અંદર દાખલ કરવામાં આવે છે અને તે સમયે સર્જન સર્જરી કરવા માટે રિમોટ નિયંત્રિત સર્જીકલ સાધનોનો ઉપયોગ કરે છે.

## કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગની કોને જરૂર પડે છે ?

તમારે સર્જરી કરાવવાની જરૂર છે કે નહી, તેનો નિર્ણય તમારા ડૉક્ટર ઘણાં પરિબળોના આધારે લેશે, જેમાં નીચેના પરિબળોનો સમાવેશ થાય છે

- CHD લક્ષણોની હાજરી અને તેઓની તીવ્રતા
- તમારી કોરોનરી આર્ટરીઝ (હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓ) માં અવરોધો અને તેઓ ની તીવ્રતા
- અન્ય સારવારો પ્રત્યેનો તમ રો પ્રતિભાવ
- તમારા જીવનની ગુણવત્તા
- તમને હોય તેવી અન્ય કોઈ સ્વાસ્થ્ય સમસ્યાઓ
- CABG કટોકટીના ધોરણે પણ કરી શકાય છે, જેમ કે હાર્ટ એટેક દરમ્યાન

## કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગની પ્રક્રિયા દરમ્યાન શું અપેક્ષા રાખવી ?

કોરોનરી આર્ટરી બાયપ સ ગ્રાફ્ટિંગ (CABG) ની પ્રક્રિયા માટે નિષ્ણાત ડૉક્ટરોની ટીમની જરૂર પડે છે. એક કાર્ડિઓથોરાસિક સર્જન, એનેસ્થિસિયોલોજિસ્ટ, પરફ્યુઝનિસ્ટ (હાર્ટ-લંગ બાયપાસ મશીનના નિષ્ણાત), અન્ય સર્જનો, અને નર્સિસની મદદ થી સર્જરી કરે છે.

કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગ (CABG) ની પ્રક્રિયા અનેક પ્રકારની હોય છે. ટ્રેડિશનલ (પરંપરાગત) સર્જરી, જેમાં હૃદય સુધી પહોંચવા માટે છાતીને ખોલવામાં આવે છે, થી લઈને નૉનટ્રેડિશનલ (બિન-પરંપરાગ ત) સર્જરી, જેમાં અવરોધિત અથવા સંકુચિત ધામનીને બાયપાસ કરવા માટે, છાતીના ભાગ માં નાના ચીરા (કાપા) મૂકવામાં આવે છે, એમ ઘણી પ્રકારની હોય છે.

## કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગના જોખમો શું છે ?

કોરોનરી આર્ટરી બાયપાસ ગ્રાફ્ટિંગની પ્રક્રિયા માંથી જટિલતાઓ થવી અસામાન્ય છે, તેમ છતાં તેના જોખમોમાં શામેલ છે :

- સર્જરીના ઘા માં ચેપ લાગવો અને તમાં થી રક્તસ્ત્રાવ થવો
- એનેસ્થેસિયાના કારણે રિએક્શન્સ (પ્રતિક્રિયાઓ) આવવા
- તાવ આવવો
- ઓપરેશનની જગ્યાએ પીડા થવી
- સ્ટ્રોક (મગજનો એટેક) આવવો, હાર્ટ એટેક આવવો અથવા તો મૃત્યુ થવી

સામ ન્ય રીતે, જો (CABG) કટોકટીની પરિસ્થિતિમાં, જો તમે ૭૦ થી વધુ ઉંમર ના હો અથવા જો તમે હાલમાં કે ભૂતકાળમાં ધુમ્રપાન કરતા હો, તો જટિલતાઓ થવાનું જોખમ વધારે રહે છે.

જો તમને ડાયાબિટીસ, કિડની ને લગતા રોગ, ફેફસા ને લગતા રોગ, અથવા પેરિફેરલ આર્ટિરિયલ ડિસીઝ જેવા અન્ય રોગો અથવા તકલીફો હોય તો તમારું જોખમ પણ વધારે છે.

**સૌજન્ય**

**ડૉ. અમિત ચંદન**

**કાર્ડિયોવાસ્ક્યુલર તથા થોરાસીક સર્જન**

એમબીબીએસ, ડી.જી.બી (સીવીટીએસ)

(મો) +91 9699 084097

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-9 | Issue-95 | June 25, 2018

## Hospital Manager – a Rapidly Developing Career Option for Young Graduates

INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR

With development in medicine and technology, hospitals have started resembling a complex system where good performance by any single department does not guarantee desired outcome from medical treatment and patient satisfaction.

For managing ever increasing complex modern hospitals, well trained Managers / Administrators are needed. Various research based evidence also indicate that hospital Administrators can add significant value to the working of hospitals. For example, a research study was published in 2011 jointly by McKinsey & Company, London School of Economics, Harvard University, and Stanford University to understand the value that good management practices can add to the hosptals. The study covered 1,200 hospitals across multiple countries and found that in France hosptals with good management practices had lower case-mix adjusted length of stay, in US good hospital management practices correlated with higher chance of patients recommending the hospital to other patients, and in UK hospital with good management practices had superior financial performance. Similarly, other research evidence also indicate that hospitals with good management practices generally have better clinical outcomes, higher level of patient satisfaction, higher chance of patients suggesting the hospital to other patients, and have better financial performance indicators.

The bigger question is how does the presence of well-trained Administrator in a hospital impact the performance of a hospital? To answer th s question, there is a need to understand the key roles and responsibilities a hospital Administrator is required to perform. A hospital administrator act as a catalyst in putting appropriate systems and processes to ensure that different departments in a hospital work in coordination with each other, and service delivery mechanism adhere to the envisaged level of quality. Administrator also design and put in place policies for hiring and training of workforce, and design and implement activities aimed at increasing research output and outreach to the desired segment of the population. In addition, Administrator also undertake strategic planning to make the hospital excellent. Hence, managers positively impact the outcomes of care, patient experience, and overall financial growth of the hospital.







Realizing the important role that hospital Administrator can play in improving hospital performance, there is an increase in demand for professionally trained hospital Administrators. With increase in investment that hospital sector is witnessing from private, government, and multinational agencies, in future demand for professionally trained hospital Administrators is going to increase further. Hence, the field of Hospital Administration not only provide bright future career opportunities but also an opportunity to graduates with any background to make meaningful impact on the lives of people.

We at Indian Institute of Public Health, Gandhinagar are offering Master of Health Administration (MHA) degree. Graduate from any field can apply for MHA. With MHA a young person's career will develop in new areas of hospital management. There are many job opportunities in hospital sector for young managers. These opportunities will increase in future as more and more private and NGO hospitals are coming up. Top level hospital managers draw a handsome salary – and a young managers will reach these levels after 5-10 years of experience. Hospital managers will play a crucial role in the newly announced government health insurance program which is supposed to reach half of India's population.

*Written by :*

**Prof. Anurag Saxena**

(Faculty, Indian Institute of Public Health Gandhinagar)

**Prof. Dileep Mavalankar**

(Director, Indian Institute of Public Health Gandhinagar)



Prof. Mavalankar
Director - IIPHG



Prof. Anurag Saxena
Ass. Prof. IIPHG

**INDIAN INSTITUTE OF PUBLIC HEALTH GANDHINAGAR**

Phone No: 079-66740700
Email: asaxena@iiphg.org

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# પેશન્ટ એજ્યુકેશન સેશન્સ

CIMS Hospital

સીમ્સ હોસ્પિટલમાં દર્દીઓ માટે બેઠક (વેઈટીંગ) એરીયામાં અલગ - અલગ પ્રકારની બીમારી વિશે તથા તેના થી કેવી રીતે બચવુ જોઈ તેના વિશે ની જાણકારી માટેનું સેશન્શ ગોઠવવામાં આવે છે.

## ડૉ. કૃતિ અર્પૂવા પૈનાવાલ દ્વારા "કાર્ડિયાક કેર" વિશેની જાણકારી





## નબાનીથા દ્વારા "હેલ્થ ટીપ્સ" વિશેની જાણકારી



## ડૉ. વિરલ ઠક્કર દ્વારા "બુક્કલ કેન્સર" વિશેની જાણકારી





## જીગ્નાબેન દ્વારા "રક્તદાન અને ઓર્ગન ડોનેશન" વિશેની માહિતી આપી





CIMS Hospital

## શુ તમે જોડાયેલા છો

## અમારી સાથે ઓનલાઈન ?




https://www.facebook.com/cimshospitals/
https://twitter.com/cimshospital
https://www.inkedin.com/company/3603904/
https://www.youtube.com/channel/UCAWc1TSKonQo_mUddZT7Jtw
https://www.instagram.com/cimshospital/?h=en

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-9 | Issue-95 | June 25, 2018

CIMS Hospital

# સીમ્સ ટ્રોમા સેન્ટર

## ઈમરજન્સીના સમયે, ફક્ત સીમ્સ જ

સીમ્સ ટ્રોમા સેન્ટર એ અકસ્માત અને ઈજાગ્રસ્ત દીર્દીઓને સંપૂર્ણ અને તત્કાળ મેડિકલ સેવાઓ આપતું ગુજરાતના શ્રેષ્ઠ સેન્ટરોમાંનું એક છે.

**સહયોગી સેવાઓ**

- માથાની ઈજા માટેની સારવાર
- ઓર્થોપેડિક ટ્રોમા સર્વિસ
- બર્ન, પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી
- છાતી તથા પેટની ગંભીર ઈજાઓની સારવાર
- ચહેરા તથા મેક્સિલોફેશિયલ સર્જરી
- એક્યુટ કેર સર્જીકલ યુનિટ અને સર્જીકલ ક્રિટિકલ કેર વિભાગ
- વાસ્કયુલર સર્જરી
- પીડિઆટ્રિક ટ્રોમા સેન્ટર



અમદાવાદનું એક વિશાળ ઇમરજન્સી અને ટ્રોમા કેર ડિપાર્ટમેન્ટ,
જેમાં ૧૫ માંથી ૭ ડિજીટાઈઝ્ડ પ્રાઈવેટ બેડ સાથે.
એટીએલએસ (એડવાન્સ ટ્રોમા લાઈફ સપોર્ટ)
ટ્રોમાના દર્દીઓની સારવાર માટે આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ
સોસાયટી ઓફ ઈમરજન્સી મેડીસીન ઓફ ઈન્ડીયા (SEMI) પ્રમાણિત
ગુજરાતની એકમાત્ર હોસ્પિટલ

**24 X 7 | +91-70 69 00 00 00 | હેલ્પ લાઈન / ઈમરજન્સી +91-98244 50000 | +91-97234 50000**

CIMS Hospital

# સીમ્સ ફીવર ક્લિનીક



## ડેન્ગ્યુ

ડેન્ગ્યુ ચેપગ્રસ્ત છે જે મચ્છરો દ્વારા ફેલાતો રોગ છે. જે વ્યકિતને ડેન્ગ્યુ થયો હોય તે મચ્છર દ્વારા બીજા વ્યકિતને ડંખ મારવાથી તે વ્યકિતને ડેન્ગ્યુ થાય છે.

### ડેન્ગ્યુ ના લક્ષણો



- વધુ પડતો તાવ
- સ્નાયુ અને સાંધામાં દુખાવો
- ઝાડા અને ઉલ્ટી
- ત્વચામાં ચકામા
- આંખો માં અસહાય દુખાવો

## ચિકુનગુનીયા

ચિકુનગુનીયા એ ચેપગ્રસ્ત મચ્છર દ્વારા સંક્રમિત થાય છે. એક વાયરલ છે જે પ્રારંભિક સપ્તાહમાં ચિકુનગુનીયા વાયરસ રક્તમાં જોવા મળે છે અને એ મચ્છરો દ્વારા ચેપગ્રસ્ત વ્યક્તિમાંથી બીજામાં પસાર થાય છે.

### ચિકુનગુનીયા ના લક્ષણો



- તાવ
- સ્નાયુનો દુખ વો
- શરીર જકડાઈ જવું.
- ઉબકા
- માથાનો દુખાવો

## મેલેરીયા

મેલેરીયા ચેપગ્રસ્ત મચ્છરના ડંખ દ્વારા મેલેરીય ફેલાય છે. મચ્છરમાં રહેલા પ્લાઝ્મોડિયમ પરોપજીવી લોહીના પ્રવાહમાંથી લાલ રક્તકણો ને ચેપ લગાડે છે જે યકૃતમાં મેલેરીયા પેદા કરે છે.

### મેલેરીયા ના લક્ષણો



- ઝાડા અને ઉલ્ટી
- માથાનો દુખાવો
- પેટનો દુખાવો
- પરસેવો વળવાથી
- ઉબકા આવવા
- વધારે પડતો તાવ ની સાથે ઠંડી લાગવી

## સ્વાઈન ફ્લુ (H1N1 ઈન્ફ્લુએન્ઝા)

સ્વાઈન ફ્લુના કારણે મુંઝવણ આવી શકે છે અને તેના લીધે શરીરના ઘણા અંગો ને નુકશાન કરી શકે છે જેમ કે ફેફસામાં ઈજા, ન્યુમોનિયા, કિડની ખરાબ થવી, મગજના ચેપ, વગેરે

### સ્વાઈન ફ્લુના લક્ષણો :



- વધુ પડતો તાવ
- શરીર તુટવુ
- માથુ દુખવુ
- શરદી અને ઉધરસ આવવી
- ગળામાં સખત દુખાવો થવો
- ઝાડા અન ઉલ્ટી- ઉબકા આવવા

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2017-2019 valid upto 31st December, 2019
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2017-2019 valid upto 31st December, 2019

If undelivered Please Return to

**CIMS Hospital**

Nr. Shukan Mall, Off Science City Road,

Sola, Ahmedabad-380060.

Phone : +91-79-2771 2771-72

Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure"** : Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS

# સીમ્સ હોસ્પિટલ દ્વારા આયોજીત મેડીકલ કેમ્પ

**બાલોત્તરા**
૩૦૦ દર્દીઓની તપાસ



**ભૂજ**
૨૫૦ દર્દીઓની તપાસ



**આદીપુર**
૩૦૦ દર્દીઓની તપાસ
**બિદડા**
૧૧૦ દર્દીઓની તપાસ



**SVVP**
**અમદાવાદ**
૫૦૦ દર્દીઓની તપાસ



**આવી જ રીતે તમારા ત્યાં મેડીકલ કેમ્પ કરવો હોય તો, વધુ જાણકારી માટે સંપર્ક કરો**
**શ્રી કેતન આચાર્ય - મો. +91-98251 08257**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.